પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૯૦ | ૧૧ મે, ૨૦૧૭, ગુરૂવાર ; વૈશાખ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ન્યુઝ ટ્રેક

સોનિયા ગાંધી હોસ્પિટલમાં દાખલ

કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીને ફૂડ પોઈઝનીંગની ફરિયાદના પગલે સર મંગારામ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. સોનિયા ગાંધી છેલ્લા કેટલાક સમયથી માંદગીથી પરેશાન છે.

૧૯મી જુલાઈએ રાષ્ટ્રપતિની ચૂંટણી

દેશના રાષ્ટ્રપતિ પદ માટેની ચૂંટણી ૧૯મી જુલાઈ ૨૦૧૭ના રોજ યોજાશે. ૧૪મા રાષ્ટ્રપતિની ચૂંટણી માટેનુ જાહેરનામુ ૧૬મી જૂનના રોજ પ્રસિદ્ધ થશે.

મુંબઈમાં બીબરનો ફીવર

વિશ્વના જાણીતા પોપ સ્ટાર જસ્ટીન બીબર મુંબઈમાં આવી પહોંચતા તેની ઝલક મેળવવા એરપોર્ટ અને હોટલ પર ચાહકોની ભારે ભીડ જામી હતી. સોનાચાંદીની થાળીમાં રાજસ્થાનનું શાહી ભોજન ડીનરમાં પીરસાયુ હતુ. ૧૫૦૦થી વધુ પોલીસ જવાનો સુરક્ષામાં જોડાયા છે.

મનોહર પરીકર પણજીમાંથી લડશે

ગોવાના મુખ્યમંત્રી પદે નીમાયેલા મનોહર પરિકર પણજીમાંથી વિધાનસભાની પેટા ચૂંટણી લડશે. બંધારણીય જોગવાઈ મુજબ છ મહિનામાં મુખ્યમંત્રી કે મંત્રીએ વિધાનસભાના સભ્ય બનવુ પડે છે.

સહારનપુર હિંસા મામલે બે અધિકારીની બદલી

સહારનપુર,તા. ૧૦

સહારનપુરમાં જાતિ આધારિત હિંસાના બનાવ બાદ બે પોલીસ અધિકારીઓની બદલી કરી દેવામાં આવી છે. આ હિંસામાં ૨૦ વાહનોને આગ ચાંપી દેવામાં આવી હતી. સાથે સાથે એક પોલીસ ચોકીને પણ આગ ચાંપવામાં આવી હતી. સંજયસિંહ અને એસપી (રૂરલ) રફીક અહેમદની સહારનપુરમાંથી બદલી કરી દેવામાં આવી છે. નવા એસપી (સીટી) મામલાની નોંધ લીધી છે. પથ્થરમારાના બનાવ બન્યા હતા. સાથે સાથે હિંસક અથડામણપણ સહારનપુરમાં થઈ હતી. જેના પરિણામ સ્વરૂપે સ્થિતિ તંગ બની ગઈ હતી. શુક્રવાર બાદથી જાતિ આધારીત હિંસાનો દોર ચાલી રહ્યો હતો. જોકે હવે શહેરમાં સંપૂર્ણપણે શાંતિ છે. પોલીસના કહેવા મુજબ દલિતની એક સંસ્થાએ મહાપંચાયત યોજવા માટેની પરવાનગી માંગી હતી. ગયા સપ્તાહમાં આંતરજાતિય અથડામણમાં અસર પામેલા લોકોને વળતર આપવા માટે શહેરના ગાંધીપાર્કમાં મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગાળા દરમિયાન હિંસાની શરૂઆત થઈ હતી. ભાગદોડ જેવી ઘટનાઓ અને તંગદિલી મહાપંચાયત દરમિયાન થઈ હતી. ગયા સપ્તાહમાં જાતિ આધારીત હિંસાના બે બનાવમાં એકનું મોત થયું હતું અને અન્ય ૧૫ લોકો ઘાયલ થયા હતા.

કુલભૂષણની ફાંસીની સજા પર ICJનો સ્ટે

ઈન્ટરનેશનલ કોર્ટમાં ભારતના રજૂઆતથી પાકિસ્તાન પણ ચોંક્યું : નેધરલેન્ડના હેગ શહેરમાં સ્થિત ઈન્ટરનેશનલ કોર્ટમાં ૧૫મી મે બાદ ભારત તરફથી જાધવના કેસમાં હરીશ સાલ્વે રજુઆત કરશે : ભારતને મોટી રાહત

નવી દિલ્હી,તા. ૧૦

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં આજે પાકિસ્તાનને ફટકો પડે તેવી પહેલરૂપે ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટીસ (આઈસીજે) દ્વારા ભારતીય નાગરિક કુલભૂષણ જાધવને પાકિસ્તાનમાં ફટકારવામાં આવેલી ફાંસીની સજા ઉપર સ્ટે મુકી દીધો છે. નેધરલેન્ડના હેગ શહેરમાં સ્થિત ઈન્ટરનેશનલ કોર્ટ હવે ૧૫મી મેના દિવસે જ્યારે ખુલશે ત્યારે કુલભૂષણ જાધવના કેસમાં ભારતની રજુઆત સાંભળશે. આની સાથે જ આંતરરાષ્ટ્રીય કાયદાઓના અમલીકરણની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ થઈ જશે અને નવો ઈતિહાસ રચાશે. ભારત તરફથી હરિશ સાલ્વે જાધવના કેસ પર ભારત તરફથી રજુઆત કરશે. એવી આશા છે કે ભારત અને પાકિસ્તાન બંને આ મામલામાં પોતાની દલીલો ઈન્ટરનેશનલ કોર્ટ સમક્ષ રજુ કરશે. એમ માનવામાં આવે છે કે આઈસીજેમાં ભારત તરફથી ખૂબ જ સાવધાનીપૂર્વક કાયદાકીય પહેલને અંજામ આપવામાં આવતા પાકિસ્તાન પણ હેરાન થઈ ગયું છે. ભારતની માંગણી પર આઈસીજે દ્વારા ટૂંકા ગાળાના પગલાં લઈને જાધવની ફાંસી ઉપર હાલ પુરતા સ્ટેનો આદેશ કરી દીધો છે. પાકિસ્તાન હવે ૧૯મી મે પહેલા જાધવને ફાંસી આપી શકે નહીં. મૃત્યુદંડની સજાને પરત લઈ શકાશે નહીં પરંતુ આઈસીજેનો આ નિર્ણય જાધવ અને ભારતને

● અનુસંધાન પાન-૭ પર

પંજાબના 'આપ'ના સંયોજક ગુરપ્રિતસિંહ ઘુગ્ગીનું રાજીનામુ

દિલ્હી બાદ પંજાબમાં પણ અસંતોષની શરૂઆત : ભગવત માનને એએપીના સંયોજક બનાવી દેવામાં આવ્યા બાદ ઘુગ્ગી નાખુશ હતા : પાર્ટી મૂળ સિદ્ધાંતોથી ભટકી ગઈ

નવી દિલ્હી,તા. ૧૦

આમ આદમી પાર્ટીની મુશ્કેલી ઘટવાના બદલે સતત વધી રહી છે. દિલ્હીમાં કપિલ મિશ્રાના બળવા બાદ હવે પંજાબમાં પણ એએપીના શક્તિશાળી નેતા ગુરપ્રિતસિંહ ઘુગ્ગીએ પાર્ટીના પ્રાથમિક સભ્ય પદેથી રાજીનામું આપી દીધું છે. ઘુગ્ગી તેમની જગ્યાએ ભગવત માનને પંજાબમાં એએપીના સંયોજક બનાવવાને લઈને ભારત નારાજ હતા. ઘુગ્ગીએ આજે પત્રકાર પરિષદ યોજીને એએપી છોડવાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે પાર્ટીના સારા અને ખરાબ સમયમાં તેઓ પાર્ટીની સાથે હતા પરંતુ પાર્ટી પોતાના મૂળભૂત સિદ્ધાંતોથી હવે અલગ થઈ ગઈ છે. રસ્તો ભુલી ગઈ છે. તેઓ કોઈ વ્યક્તિનો વિરોધ કરી રહ્યા નથી. કોઈ હોદ્દા માટે પણ તેઓ લાલચમાં નથી. ઘુગ્ગીની સાથે પાર્ટી પ્રમુખ અરવિંદ

● અનુસંધાન પાન-૭ પર

કાશ્મીરમાં સેનાના અધિકારીની અપહરણ બાદ હત્યા

આતંકવાદીઓ દ્વારા સેનાના લેફ્ટીનેન્ટની બર્બર હત્યાથી ખળભળાટ : સોપિયન વિસ્તારમાં રજા ઉપર રહેલા ઓફિસરનું લગ્ન પ્રસંગથી અપહરણ કર્યું : જવાનોને એલર્ટ રહેવાની સૂચના

શ્રીનગર,તા. ૧૦

જમ્મુ-કાશ્મીરના સોપીયન વિસ્તારમાં આતંકવાદીઓએ રજા મેળવી લીધા બાદ પોતાના ઘરે પહોંચેલા સેનાના લેફ્ટીનેન્ટની બર્બરતાપૂર્વક ઘાતકી હત્યા કરી દીધી છે. આતંકવાદીઓએ સેનાના આ ઓફિસરનું એક લગ્ન પ્રસંગમાંથી અપહરણ કરી લીધું હતું ત્યારબાદ તેમના પર અંધાધૂંધ ગોળીબાર કરવામાં આવ્યો હતો. તેમનો મૃતદેહ દક્ષિણી કાશ્મીરના હરમન વિસ્તારમાં મળી આવ્યો છે. આ ઘટના બાદ સેનાના કાશ્મીરમાં રજા ઉપર ગયેલા જવાનોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે. બીજી બાજુ સંરક્ષણ મંત્રી અરૂણ જેટલીએ આ ઘટનાની નિંદા કરી છે અને કહ્યું છે કે ત્રાસવાદીઓ કાયરતાપૂર્વકના કૃત્યો કરી રહ્યા છે. મળેલી માહિતી મુજબ કુલગામના નિવાસી લેફ્ટીનેન્ટ ઉમર ફયાઝ રજા ઉપર હતા. મંગળવારે મોડી રાત્રે તેઓ બેહિબાદ નજીક બાતાપુરામાં પોતાના પરિવારમાં લગ્ન પ્રસંગમાં હાજરી આપવા માટે ગયા હતા. રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ તેમનું અપહરણ કરી

● અનુસંધાન પાન-૭ પર

બસપામાંથી નસીમુદ્દીન સીદ્દીકીની આખરે હકાલપટ્ટી

બસપના સંગઠનમાં ધરખમ ફેરફારોની શરૂઆત : સિદ્દીકીની સાથે તેમના પુત્રની પણ પાર્ટીમાંથી પક્ષ વિરોધી ગતિવિધિ બદલ હકાલપટ્ટી કરી દેવામાં આવી

લખનૌ,તા. ૧૦

ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં કારમી હાર થયા બાદ બહુજન સમાજ પાર્ટીમાં પણ હવે ફેરફારનો દોર શરૂ થઈ ગયો છે. બહુજન સમાજ પાર્ટીના નેતા માયાવતીએ આક્રમક વલણ અપનાવીને નસીમુદ્દીન સિદ્દિકી અને તેમના પુત્ર અફઝલ સિદ્દિકીની પાર્ટી વિરોધી ગતિવિધિમાં સામેલ હોવાના આરોપ બાદ હકાલપટ્ટી કરી દીધી છે. આનાથી બહુજન સમાજ પાર્ટીમાં પણ ખળભળાટ મચી ગયો છે. લોકસભા ચૂંટણીમાં હાર બાદ ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં પણ કારમી હાર થયા બાદ માયાવતી સંગઠનને નવેસરથી તૈયાર કરવામાં વ્યસ્ત થઈ ગયા છે. થોડાક દિવસ પહેલા જ માયાવતીએ પોતાના ભાઈ આનંદને પાર્ટીમાં નાયબ અધ્યક્ષ બનાવ્યા હતા. પાર્ટીમાંથી હકાલપટ્ટી કરવામાં આવેલા નસીમુદ્દીન સિદ્દિકીની ગણતરી બસપના દિગ્ગજ નેતાઓમાં થતી હતી. બહુજન સમાજવાદી પાર્ટીના મહાસચિવ સતીશ ચન્દ્ર મિશ્રાએ કહ્યુ છે કે બન્નેના કારણે પાર્ટીની છાપ ખરાબ થઈ રહી હતી. મિશ્રાએ આક્ષેપ કર્યો છે કે સિદ્દીકીએ પશ્ચિમી ઉત્તરપ્રદેશમાં બેનામી સંપત્તિ ઉભી કરી છે. સાથે સાથે ગેરકાયદે કતલખાના પણ ચલાવી રહ્યા છે. સતીશ ચન્દ્રે કહ્યુ હતુ કે નસીમુદ્દીન પાર્ટીના નામે વસુલી કરી રહ્યા હતા. તેમણે ઉમેર્યુ હતુ કે સિદ્દીકી અને તેમના પુત્રને પાર્ટી વિરોધી ગતિવિધી બદલ દુર કરવામાં આવ્યા છે. તેમને તમામ હોદ્દા પરથી દુર કરવામાં આવ્યા છે. સાથે સાથે તેમને પાર્ટીમાંથી દુર કરવામાં આવી રહ્યા છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

સેન્સેક્સ ૩૦૨૪૮ની સપાટીએ પહોંચ્યો

માર્કેટ ઓલટાઈમ હાઈ સપાટી ઉપર પહોંચ્યું : કારોબારી ખુશ : નિફ્ટી ૯૦ પોઈન્ટ ઉછળી ૯૪૦૭ની ઓલટાઈમ હાઈ સપાટી પર પહોંચ્યો :૧૧ કારોબારી સેશનમાં ૧૦૦૦ પોઈન્ટનો નિફ્ટીમાં ઉછાળો રહ્યો

મુંબઈ,તા. ૧૦

શેરબજારમાં આજે જોરદાર તેજીનું મોજુ ફરી વળ્યું હતું. કારોબારના અંતે સેન્સેક્સ અને નિફ્ટી બંને ઉંચી સપાટીએ રહ્યા હતા. માર્કેટ ઓલટાઈમ હાઈ સપાટીએ રહેતા કારોબારીઓ ખુશખુશાલ દેખાયા હતા. નિફ્ટી પ્રથમ વખત ૯૪૦૦થી પણ ઉપરની સપાટીએ પહોંચી ગયો હતો. આઈએમડી દ્વારા કરવામાં આવેલી હવામાનને લઈને આગાહીના કારણે કૃષિ અને આર્થિક વિકાસ દર વધવાના સંકેત દેખાઈ રહ્યા છે. આવી સ્થિતિમાં શેરબજાર ઉપર તેની સીધી અસર જોવા મળી હતી. મૂડીરોકાણકારોમાં નવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. અલનીનોની ચેતવણીને લઈને અગાઉ આગાહી કરવામાં આવ્યા બાદ નવેસરની આગાહીમાં સારા મોનસૂની વરસાદની આગાહી કરવામાં આવ્યા બાદ સ્થિતિમાં ઉલ્લેખનિય સુધારો થયો છે. આજે કારોબારના અંતે સેન્સેક્સ ૩૧૫ પોઈન્ટ ઉછળીને ૩૦૨૪૮ની સપાટીએ રહ્યો હતો.

સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૯૦ પોઈન્ટ સુધરીને ૯૪૦૭ની સપાટીએ રહ્યો હતો. બંને ઈન્ડેક્ષ છેલ્લે પાંચમી મેના દિવસે ઉંચી સપાટીએ રહ્યા હતા. સેન્સેક્સ ઉપરાંત બીએસઈ મિડકેપ અને બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્ષમાં નવી ઉંચી સપાટીએ રહ્યા હતા. મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્ષમાં કમશઃ ૦.૮ ટકાનો ઉછાળો નોંધાયો હતો. સતત ત્રીજા દિવસે આજે જોદરાર તેજી રહી હતી. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ મંગળવારના કારોબારી સેશનમાં ખરીદારી કરી હતી. નેટ રોકાણનો આંકડો ઈક્વીટીમાં ૩૩૩ કરોડનો રહ્યો હતો.

આપના બળવાખોર નેતા કપિલ મિશ્રા દિલ્હીમાં ભૂખ હડતાલ પર

વિદેશી પ્રવાસ માટે એએપી લીડરોને પૈસા ક્યાંથી મળ્યા : હકાલપટ્ટી કરાયેલા કપિલ મિશ્રાનો વેધક પ્રશ્ન : અરવિંદ કેજરીવાલ સામે શ્રેણીબદ્ધ પ્રશ્નો ઉઠાવીને ભૂખ હડતાળની શરૂઆત કરી : ચૂંટણી લડવા માટે પણ પડકાર

નવી દિલ્હી,તા. ૧૦

હકાલપટ્ટી કરવામાં આવેલા આમ આદમી પાર્ટીના નેતા કપિલ મિશ્રાએ આજે પાર્ટી લીડર અરવિંદ કેજરીવાલને કહ્યું હતું કે જ્યાં સુધી તેમની

પાસેથી પ્રશ્નોના જવાબ મળશે નહીં ત્યાં સુધી તે ભૂખ હડતાળ ઉપર રહેશે. જુદા જુદા વિદેશ પ્રવાસ કરવા માટે તેમને ફંડ ક્યાંથી મળી રહ્યા હતા તે અંગે જ્યાં સુધી કેજરીવાલ જવાબ આપશે નહીં ત્યાં સુધી તેઓ ભૂખ હડતાળ ઉપર રહેશે.

બે દિવસમાં બીજા પત્રમાં કપિલ મિશ્રાએ કહ્યું છે કે કેજરીવાલ હંમેશા કહેતા રહ્યા છે કે ચૂંટણી લડવા માટે પણ એએપી પાસે પૈસા નથી. આવી સ્થિતિમાં વિદેશ પ્રવાસ માટે આટલી જંગી રકમ ક્યાંથી આવી છે તેવો પ્રશ્ન મિશ્રાએ કર્યો છે. ટ્વીટર ઉપર તેમનો બીજો પત્ર પણ રજુ કરી દેવામાં આવ્યા છે. મિશ્રાએ સંજયસિંહ, આશિષ ખેતાન, સત્યેન્દ્ર જૈન, રાઘવ ચઢ્ઢા અને બ્રિજેશ પાઠક દ્વારા છેલ્લા બે વર્ષમાં વિદેશની કરવામાં આવેલી યાત્રાઓના સંદર્ભમાં વાત કરી છે. મિશ્રાને હાલમાં જ એએપીમાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. અગાઉ મિશ્રાએ એવો આક્ષેપ કર્યો હતો કે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે બે કરોડ રૂપિયા લીધા હતા. આજે તેમણે ફરી કહ્યું હતું કે એએપીના નેતાઓના વિદેશ પ્રવાસની વિગતોમાં વ્યાપક ભ્રષ્ટાચારની ગતિવિધિ સામેલ રહી છે. તેમણે કહ્યું હતું કે કેટલાક લોકોએ તેમને કહ્યું હતું કે જો આની વિગતો જાહેર કરવામાં આવશે તો એકપણ ક્ષણે સત્તામાં રહેવાની તક એએપીને આપવામાં આવશે નહીં. મિશ્રાએ એમ પણ કહ્યું છે કે તેઓ ભાજપના કોઈ એજન્ટ તરીકે નથી. તેમની માંગણી બિલકુલ નાનકડી રહી છે.